Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# જસમા ઓડણ: સૌંદર્ય, સ્વાભિમાન અને શીલની અમરગાથા

સંશોધક: રબારી મેઘાબેન વાઘજીભાઈ
Ph.D.Scholar (H.N.G.U. Patan)
Email: meghadesai18192@gamil.com

## પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં મહિલાઓનું આ લેખન સમયની સાથે ખૂબ જ ઊંડાણપૂર્વક બદલાયુંછે.મધ્યકાળની ભક્તિમય નારીથી લઈને આધુનિક યુગની આત્માનિર્ભર નારી સુધીની આ સફર ઘણી રસપ્રદ છે.ગુજરાતી સાહિત્ય એ સમાજનું દર્પણ રહ્યું છે. સાહિત્યકારોએ સ્ત્રીને ક્યારેક શક્તિ તરીકે ક્યારે ત્યાગની મૂર્તિ તરીકે તો ક્યારેક અન્યાય સામે લડતી વિરામના તરીકે છે. ગુજરાતી સાહિત્યમાં મહિલાઓના ચિત્રણને મુખ્ય ત્રણ તબક્કામાં વહેંચી લીધું છે. જેમાં મધ્યકાળના સમયમાં સ્ત્રી મુખ્યત્વે ભક્તિના કેન્દ્રમાં હતી. અર્વાચીન અને સુધારક યુગમાં સ્ત્રીઓએ તેમના સામાજિક પ્રશ્નો સામે અવાજ ઉઠાવ્યો અને ગાંધીયુગ તેમજ આધુનિક યુગમાં સ્ત્રીએ પોતાના અસ્તિત્વની શોધ કરી આપી છે.લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યના સંગમ સ્થાને ઉભેલું પાત્ર માત્ર એક કથા નથી પણ સ્ત્રીના ગૌરવ સ્વાભિમાન અને અને શિયળની એક અમર ગાથા છે.ખાસ કરીને આધુનિક ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક માધવ રામાનુજ જ્યારે આ લોકકથાને પોતાના શબ્દોમાં કંડારે છે, ત્યારે તેમાં નુતન પરિણામો ઉમેરાય છે.ગુજરાતી લોકસંસ્કૃતિ અને ભવાઈના વિશ્વમાં જસમા ઓડણનું નામ આદર સાથે લેવાય છે 12મી સદીના સિદ્ધરાજ જયસિંહના સમયની આ ઘટના આજે પણ એટલી જ પ્રસ્તુત છે જસમા એ માત્ર એક શ્રમિક સ્ત્રી નથી પણ તે સત્તા અને સંપત્તિ સામે અણનમ રહેલી નારી શક્તિનું પ્રતિક છે માધવ રામાનુજે જ્યારે આ કથાને નાટક કે સાહિત્યિક કૃતિ તરીકે જસમાના આંતરિક માનવ ભાવો અને તેમના સ્વાભિમાની એક નવી ઊંચાઈ આપી છે.

## ➢ જસમાનું અતુલ્ય સૌંદર્ય :એક વરદાન અને અભિશાપ

પૂર્વ જન્મની રંભા ઋષિના શ્રાપના કારણે એ જ રંગ રૂપ સાથે જન્મે છે ત્યારે શ્રાપ મુજબ આ જ રૂપને રંગ તેને ડગલેને પગલે તેના જીવનમાં નડી રહ્યું છે .માધવ રામાનુજે

ભવાઈ લોકના તેમાં જશમાના રૂપને ખૂબ જ અદભુત રીતે આલેખ્યું છે. જેમ કે જ્યારે જસમાના માટે મુરતિયાની શોધ ખોળ ચાલુ હોય છે ત્યારે મુરતિયાના પિતા દ્વારા જસમાને એક વખત જોવાની ઈચ્છા થાય છે જસમાનું આ અદભુત રૂપને રંગ જોઈને તેના સસરા કહે છે કે "ઝગમગા ઝગમગા! ઓહ આ રૂપા!મનમાં તો ઈમ થાય છે કે રૂડાનુ રેવા દઉં ને મારું જ ગોઠવી દઉં"ત્યારબાદ બારોટ જ્યારે જસમાને પહેલીવાર પાટણમાં જોવે છે ત્યારે બારોટના સંવાદો જોઈએ તો "ઓ હો હો હો હો હો ! આ રૂપ!(સ્વગત) જનમ ધરીને કદી આવું મને જોયું નથી.આવી અનુપમ કલ્પના સાંભળી છે પણ આ તો એ કલ્પનાથી એ ચડી જાય એવું રૂપ છે પાટણ જેવા રાજમાં એ આવું કોઈ નથી" આ તો રહ્યા એક બારોટના સંવાદો પરંતુ જ્યારે સિધ્ધરાજના મુખેથી જસમાના અપ્રિતમ રૂપને લઈને સંવાદો આવે છે તે મુજબ " સિધ્ધરાજ: અહાહાહા... કવિરાજ આ તો પૃથ્વી ઉપરનું સ્વર્ગનું સૌંદર્ય!" આવા વારંવાર આવતા સંવાદો એ સબૂત આપે છે કે ખરેખર જસમાનું રૂપ અતુલ્ય હતું જે સામાન્ય વ્યક્તિથી લઈને રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ સુધીને આકર્ષે છે અને આ જ રૂપને સૌંદર્ય જસમાને માટે કેવું અભિશાપ બને છે તેનું પણ આબેહૂબ આલેખન માધવ રામાનુજે કરી આપ્યું છે. "જસમા નથી રૂપનો કોઈ દિ ગર્વ કર્યો એ જ રૂપ આ મારું વેરી થયું"માધવ રામાનુજે જસમાના મુખેથી જ આ પંક્તિ ઉચ્ચારી મૂકીને એ સાબિત કરી બતાવ્યું છે કે રૂપના ગર્વને અભિમાન એ નારાઋષિના તાબે ન થઈ એ જ રૂપ શ્રાપ બનીને હવે પૃથ્વીલોક ઉપર ડગલેને પગલે તેને નડી રહ્યું છે. જે રૂપ જસમાં માટે વરદાન હતું એ જ આજે તેને માટે અભિશાપ બની બેઠું છે.

### ➢ સત્તા સામે સ્વાભિમાનનો ટકરાવ

માધવરામાનુજે ભવાઈ લોકનાટ્યમાં એ બાબત પર ભાર મૂક્યો છે કે જસમા માટે તેનું સ્વ એ કોઈ પણ રાજમહેલના સુખ કરતાં ઘણું મોટું છે કારણકે રાજાધિરાજ સિદ્ધરાજ તેને પોતાની પટરાણી બનાવવાની લાલચ આપે છે .અઢળક સંપત્તિ આપવાનું વચન આપે છે. ત્યારે પણ જસમાનો ઉત્તર મક્કમ જ રહે છે જે આપણે જસમાની ભાષામાં જોઈએ તો..

"સિદ્ધરાજ: ગઢને ગોખે મ્હાલો જસમા પહેરો હીર ને ચીર

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

શીદને વળગી રહી છો ગેલી કંચન તજી કથીર.

જસમા: કથીર નથી છે કંથજી મારા, હું સોહાગણનાર,

મહેલથી એ મોટો છે મારે માટીનો વિસ્તાર.

સિદ્ધરાજ: રંગ રંગ ઓ રૂપસુંદરી તારા અઢળક રૂપ

ઓડ હજારો મળશે રાણી નહિ મળે આ ભૂપ

જસમા: મળે તોયે મારે શાં ખપના હોય રંક કે રાજ ,

જીવથીએ વહાલો છે મુજને મારો રૂડીયોરાજ"

ઉપરોક્ત સંવાદો પરથી માધવ રામાનુજ જસમાને એક મજબૂત પીઠબળ પૂરું પાડી આપે છે.જે સાબિતી આપે છે કે ગરીબી ગમે તેવી હોય પણ એ ચરિત્ર ની નબળાઈ બની શકતી નથી અહીંયા સિદ્ધરાજની સત્તાની સામે જસમાના સ્વાભિમાનનો વિજય બતાવ્યો છે.

## ➢ માધવ રામાનુજ નું નુતન દૃષ્ટિબિંદુ

પરંપરાગત ભવાઈ વેશોમાં જસમા ને એક સતી તરીકે પૂજવામાં આવી છે પરંતુ માધવ રામાનુજે તેને એકસામાન્ય સ્ત્રી તરીકે બતાવી છે.જસમાનો પતિ કાળો કૂબડોને અઢારે અંગે વાંકો તેમજ માનસિક રીતે અસંતુલિત છે છતાંય જસમા તેના પિતાને કહે છે કે તમે મારા માવતર છો તમે જે કોઈ મુરતિયો મારા માટે શોધ્યો હતો એ હવે લીલા માંડવા નીચે આવીને પાછો જાય તો મારા માવતર ની આબરૂ શું ?એ માંડવા નીચે આવ્યો એટલે હું હવે એને જ વરી ચૂકી છું તેના સિવાયના મારા માટે ભાઈ બાપ છે . આમ જસમા એ સતી કે દેવી જેવી નહીં પણ એક સામાન્ય સ્ત્રી તરીકે દેખાય છે જે બાપની આબરૂ ખાતર પોતાનું જીવતર પણ બલિયે ચડાવી દે છે.આ ઉપરાંત સિધ્ધરાજ દ્વારા ઘણાં ઉપાલંભ આપવા છતાં જસમા પોતાનો પતિવ્રતા નારીનો ધર્મ ચૂકતી નથી જે આપણને એ સાબિત કરી આપે છે કે જસમા તેના પતિને પોતાની કુળની મર્યાદા માટે કેટલી જાગૃત છે.માધવ રામાનુજે આ ભવાઈ લોકનાટ્યમાં તળપદી ભાષા અને લયનો જે પ્રયોગ કર્યો છે તે વાચકને બારમી સદીની સાથે આધુનિક સમય સાથે પણ જોડી આપે છે. આ ભવાઈ વેશ

નૂતન રીતે આલેખાયો છે જેમાં માધવ રામાનુજે પારંપરિક શબ્દોની સાથે આધુનિક સમયના અંગ્રેજી શબ્દોનો પણ સહારો લીધો છે જેના કારણે વાચકને વધુ રમૂજી વાતાવરણ પ્રાપ્ત થાય છે.આ ઉપરાંત આજના સંદર્ભે જોઈએ તો જસમાને પ્રથમ હરોળની નારીવાદી કહી શકાય છે. જે પોતાની મરજીની વિરુદ્ધ રાજાધિરાજ સિદ્ધરાજના પણ દબાણને વશ થતી નથી.

## ➢ શિયળ અને બલિદાનની પરાકાષ્ઠા

આ લોકનાટ્ય ભવાઇના અંતિમ ચરણમાં જ્યારે સિધ્ધરાજ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને જસમાને પામવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે જસમા ને કહે છે કે"હજુ આ કુબડાના પડખામાં પેસતી જાય છે કા ?લે ત્યારે તારા આ વાલેશરીને જ ઠેકાણે કરૂ પછી તો તું શું બહાના કાઢીશ? એમ કરીને તે રૂડીયાને તલવારથી મારી નાખે છે ત્યારે જસમા પોતે ત્યાંથી પલાયન થવાને બદલે પોતાના મૃત્યુને વહાલું કરે છે. તે પરથી દેખાય છે કે તેનું બલિદાન એ હાર નથી પણ જસમાની એક નૈતિક વિજય તરીકે ભાવકને અનુભવાય છે.સિધ્ધરાજ જયસિંહ જેવા રાજાધિરાજ જેની પાસે અઢળક સંપત્તિ અને સૈન્ય છે તેવો પ્રતાપી એક સામાન્ય જ્ઞાતિની સ્ત્રીના મક્કમ મનોબળ સામે વામણો થતો સાબિત થાય છે. જ્યારે રાજા જસમાને પામવા માટે તેના કુળ અને તેના પતિ પર દબાણ લાવે છે ત્યારે જસમા ડરવાને બદલે રણચંડીનું રૂપ ધારણ કરે છે .માધવ રામાનુજે કૃતિમાં આપેલા સંવાદો જસમાના મુખે જોઈએ તો "અરે, જીવને માટે જીવ હું આપત ભૂંડા પાપિયા, પણ તારો દિ ઊઠ્યો બસ આજ, તને કમત્ય સુઝી કરણાઉત જા–જા... (શાપ આપે છે)પાટણ તારું નહીં રહે, તારો રહેશે નહીં કોઈ વંશ, મારા ધણીના સિંચ્યાંલોહી તારું તળાવ ગોઝારું થિયું...

એક...ધન ધન પાટણ ભોમકા, તને ધન્ય દિવસ જોવા મળ્યો, આંય સતી થાય છે આજ, એક જસમા નામે ઓડણી !"આ સંવાદો જસમાની આંતરિક શક્તિનો પરિચય કરાવે છે. જસમા માટે દેહએ માત્ર એવી માટીનું રમકડું નથી. જેને કોઈ પણ પોતાના મન મુજબ પોતાની સત્તાને સંપત્તિથી ખરીદી શકે પરંતુ શિયળ તો આત્માનો શણગાર છે.

## ➢ ઉપસંહાર

આજથી સેંકડો વર્ષો પહેલાં બનેલી આ ઘટના આજે ૨૧મી સદીમાં પણ એટલી જ પ્રસ્તુત છે. માધવ રામાનુજનું આલેખન જસમાને માત્ર ઈતિહાસના પાત્રોમાંથી બહાર કાઢીને આધુનિક નારીના આદર્શ તરીકે સ્થાપિત કરે છે.આજના યુગમાં જ્યારે બાહ્ય દેખાવ અને ભૌતિક સુખ-સુવિધાઓ પાછળ લોકો આંધળી દોટ મૂકે છે, ત્યારે જસમાનું પાત્ર શીખવે છે કે ખરી સુંદરતા ચરિત્રમાં છે. રાજમહેલના રેશમી વસ્ત્રોને ઠુકરાવીને પોતાના શ્રમિક પતિના ફાટેલા વસ્ત્રોમાં ગૌરવ અનુભવતી જસમા આજે 'કન્ટેન્ટમેન્ટ' (સંતોષ) નું સૌથી મોટું ઉદાહરણ છે.'વુમન એમ્પાવરમેન્ટ'ની વાતો આજે ભલે ફેશનેબલ લાગે, પણ જસમાએ સદીઓ પહેલાં બતાવ્યું હતું કે સ્ત્રી એ ભોગની વસ્તુ નથી. તે પોતાની સુરક્ષા માટે કોઈ પુરુષ પર નિર્ભર રહેવાને બદલે પોતાના નિર્ણયો જાતે લેવાની શક્તિ ધરાવે છે. માધવ રામાનુજની જસમા એ ડરપોક અબળા નથી, પણ પોતાના હક માટે લડનારી સબળા છે.સર્વકાલીન પ્રેરણા: લેખક આ કથા દ્વારા સમાજને સંદેશ આપે છે કે સત્તા અને સંપત્તિ ગમે તેટલી મોટી હોય, પણ તે સત્ય અને શિયળને ખરીદી શકતી નથી. જસમા ઓડણ આજે પણ ગુજરાતના લોકમેળાઓ, ભવાઈના વેશો અને સાહિત્યિક કૃતિઓમાં જીવંત છે, કારણ કે તેણે માનવતાના એવા મૂલ્યો માટે જીવ આપ્યો જે ક્યારેય જૂના થતા નથી.

## ➢ સંદર્ભ

'જસમા' માધવ રામાનુજ , પ્રકાશક: અસાઈત સાહિત્ય સભા, ઊંઝા ૨૦૨૧